| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯/૦૫/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૨૯/૦૫/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૨ ૦૦ |

## સાબરકાંઠા જિલ્લાના મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એન.કે. નાચરે સમક્ષ, મુકામ હિંમતનગર.

**પરચુરણ અરજી નંબર –૦૧/૨૦૨૫**

**આંક: ૧૨**

**અરજદાર :–** **રાકેશભાઇ દિપાજી પરમાર**
ઉં.આ.વ. ૩૫,ધર્મ–હિન્દુ, ધંધો – બેકાર,
રહે. મુ.પો. હાથરોલ,
તાલુકો – હિંમતનગર, જિલ્લો – સાબરકાંઠા.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** (૧) **યોગેન્દ્ર પરમાર**
ઠે.મુ.પો. પલ્લાચર,
તાલુકો – પ્રાંતીજ, જિલ્લો– સાબરકાંઠા.
(૨) **ઓથોરાઇઝડ સીગ્નેચરી કામોલા ક્વોર્ટઝ લિ.**
ઠે.સં.નં. ૪૨૬, સોનાસણ, નનાનપુર રોડ,
મુ. આમોદરા, તાલુકો – પ્રાંતીજ,
જિલ્લો– સાબરકાંઠા.

| | | |
|---|---|---|
| **હાજર રહ્યા :–** | **અરજદાર તરફે :** | વિ.વ. શ્રી ડી.ડી.પટેલ |
| | **સામાવાળા નંબર ૧ તરફે :** | વિ.વ. શ્રી એચ.એન.વણકર |
| | **સામાવાળા નંબર ૨ તરફે :** | વિ.વ. શ્રી એચ.એન.વણકર |

.......................................................................................

### –: હુકમ :–

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના સામવાળા નંબર ૧ નાએ આ કામના સામાવાળા નંબર ૨ ની કંપનીમાં જુદા જુદા કામનો કોન્ટ્રાક્ટ રાખી કામદારો પાસે સામાવાળા નંબર ૨ ની કંપનીમાં કામગીરી

કરાવે છે. આ કામના સામાવાળા નંબર ૨ ની ઉપરોક્ત સનામે માર્બલ બનાવવાની ફેક્ટરી આવેલ છે અને અરજદાર આ કામના સામાવાળા નંબર ૧ ના કોન્ટ્રાક્ટ હેઠળ સામાવાળા નંબર ૨ ની કંપનીમાં લોડીંગ ડીપાર્ટમેન્ટમાં છેલ્લા ૫ વર્ષ ઉપરાંતથી કામદાર તરીકેની નોકરીની ફરજો બજાવતા હતા. આમ, અરજદાર અને સામાવાળાઓ વચ્ચે માલિક અને નોકર તરીકેના સબંધો હતા. અરજદાર આ કામના સામાવાળા નં ૧ ની સૂચનાથી સામાવાળા નં. ૨ ની કંપનીમાં તારીખ ૦૨/૦૩/૨૦૨૦ નારોજ ગ્રાઈન્ડર મશીન ઉપર કામ કરતા હતા ત્યારે અરજદારના જમણા હાથે, જમણા પગે, કમરના ભાગે કટર તુટી જતાં અકસ્માતે ઈજાઓ થતાં અરજદારના જમણા હાથની નસો કપાઇ જતાં તેઓને તાત્કાલિક આરોગ્યમ ઓર્થોપેડીક હોસ્પિટલ, હિંમતનગર ના ડો. જયક્રુષ્ણ સોનીને ત્યાં સારવાર અર્થે લઇ ગયેલા. સદરહુ અકસ્માતને કારણે અરજદારના જમણા હાથે ઓપરેશન કરાવવુ પડેલ. અરજદારને સદર હોસ્પિટલમાં પાંચ દિવસ સુધી અંદર દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ. સદર ઈજાઓના કારણે અરજદારને દવા સારવાર પાછળ ઘણો મોટો ખર્ચ થવા પામેલ છે. તેમજ કાયમી ખોડ રહી ગયેલ છે અને સદર ઈજાના કારણે અરજદારનો જમણો હાથ પહેલાંની જેમ કામ કરતો નથી અને અરજદાર સદર ઈજાના કારણે ભવિષ્યમાં કોઈ પણ કામ કરવા માટે અસમર્થ થઇ ગયેલ છે. અકસ્માત સમયે અરજદાર સામાવાળા નં. ૧ ને ત્યાં કામદાર તરીકે ફરજ બજાવતાં હતા અને અરજદારને સામાવાળા નં. ૧ તરફથી માસિક રૂપિયા ૧૯,૩૦૦/- પગાર વેતન પેટે ચુકવવામાં આવતો હતો અને અરજદારની અકસ્માત સમયે ૩૦ વર્ષની ઉંમર હતી.

સામાવાળાઓને અકસ્માતની જાણ હોવા છતાં આજદિન સુધી સામાવાળાઓએ કોઇ જ રકમ અરજદારને ચૂકવી આપેલ નથી કે વર્કમેન કોમ્પેન્સેશન એક્ટની જોગવાઈ મુજબ નામ. કોર્ટમાં દિન-૩૦ માં જમા કરાવેલ નથી કે આજદિન સુધી અરજદારને ક્લેઈમ ફોર્મ અંગેની કોઈ સાચી માહિતી સામાવાળાઓ પાસેથી મળતી નથી. સામાવાળા નંબર ૨ ને નોટિસ આપવા છતા નોટિસનો કોઇ જવાબ આપેલ નથી કે કોઈ માહિતી પણ આપેલ નથી. સામાવાળા નંબર ૨ નાઓનો સામાવાળા નંબર ૧ નાએ કોન્ટ્રાક્ટ રાખેલ હોઈ

અને અરજદારને સામાવાળા નંબર ૨ ની ફેક્ટરીમાં કામ કરતા અકસ્માતે ઈજાઓ થયેલ હોઈ સદર અકસ્માતનુ વળતર ચૂકવવા માતે પ્રિન્સીપાલ એમ્પ્લોયર તરીકે સામાવાળા નંબર ૨ ના પણ વળતર ચૂકવવા જવાબદાર બને છે. જેથી હાલની અરજ નામદાર કોર્ટમાં દાખલ કરવી પડેલ. પરંતુ ઉપરોક્ત અરજી દાખલ કરવામાં આશરે ૩ વર્ષ અને ૩ માસ જેટલો વિલંબ થયેલ છે. જેથી સદર કામે નીચેના સાચા અને વ્યાજબી કારણોસર વિલંબ માફ કરવા નામદાર કોર્ટને વિનંતી કરેલ છે.

(અ) અરજદારને અરજીમાં જણાવ્યા પ્રમાણેની અકસ્માતમાં જીવલેણ ઈજાઓ થયેલ હોવાથી, અરજદારને સંપૂર્ણ આરામ કરવાની ડોકટરશ્રીએ સલાહ આપેલ તેમજ આ કામના સામાવાળા વિમા કંપનીમાં ક્લેઇમ કરેલ છે અને વિમા કંપની વળતર ચૂકવી આપશે તેવો ભરોસો અને વિશ્વાસ આપતા હતા તેમજ અરજદાર એડવોકેટશ્રીનો સંપર્ક કરી શકેલ નહી હોવાથી સદર અરજ દાખલ કરવામાં વિલંબ થયેલ છે.

(બ) અરજદાર કાયદાથી અજ્ઞાન હોઈ અને શુધ્ધબુધ્ધિપૂર્વક એમ સમજતા હતા કે સદર અરજ ગમે ત્યારે થઇ શકે જેથી સદર અરજ દાખલ કરવામાં વિલંબ થયેલ છે.

(ક) અકસ્માતના કારણે અરજદાર કાયમી અશક્ત બની ગયેલ હોઈ તેમજ અરજદાર બેકાર બની ગયેલ હોઈ જેના કારણે તેઓની આર્થિક પરિસ્થિતિ કથળી ગયેલ અને વધુમાં કોવિડ–૧૯ મહામારીને કારણે અરજદાર એડવોકેટનો સંપર્ક કરી શકેલ નહી. જેથી સદર અરજ દાખલ કરવામાં વિલંબ થયેલ છે.

આમ, ઉપરોક્ત અરજદારની અરજ મંજુર રાખી સદર વળતર અરજ દાખલ કરવામાં આશરે ૩ વર્ષ ૩ માસનો થયેલ વિલંબ માફ કરી અરજદારની વળતર અરજી દાખલ કરવાનો તેમજ રેકર્ડે લેવા માટેનો હુકમ ફરમાવવા અને આ સિવાય નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી બીજી અન્ય દાદ અપાવવા નમ્ર વિનંતી કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટિસની ધોરણસર બજવણી થઇ જતાં આંક–૦૭ થી વકીલાતપત્ર રજુ કરી

જવાબ રજુ કરવા મુદત માંગેલ. પરંતુ ત્યારબાદ સામાવાળાઓ પોતે કે વકીલ મારફતે હાજર થયેલા ના હોઈ સામાવાળાનો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>-: દસ્તાવેજી પુરાવો :-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ન્યુરો હેલ્થ બ્રેઈન એન્ડ સ્પાઈન હોસ્પિટલનું ઈજાનિ સર્ટીની ઝેરોક્ષ | ૩/૧ |
| ૨ | આરોગ્યમ ઓર્થોપેડીક હોસ્પિટલનું ડીસ્ચાર્જ સર્ટીની ઝેરોક્ષ | ૩/૨ |

(૪) આ કામે સામાવાળાઓ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૫) અરજદાર તરફે રજુ થયેલ અરજી તેમજ રેકર્ડ ધ્યાને લેતા, આકામમાં નીચે મુજબના મુદ્દાઓ ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું વર્કમેન કોમ્પેન્સેશન મુજબ વળતર મેળવવાની અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફની અરજી ગ્રાહ્ય રાખવી જોઇએ કે કેમ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ બાબતે જવાબ નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) **આખરી હુકમ મુજબ**

(૭) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય અન્વયે મારા કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૮) હાલનાં તબક્કે નામદાર ગુજરાત હાઇકોર્ટના મનીબેન પ્રભાતભાઇ ચૌહાણ વિ. જગમોહન રામસ્વરૂપ અગ્રવાલનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે.

Limitation Act, 1963 - S. 5 - Constitution of India - Art. 227 - condonation of delay – petitioners praying for setting aside abatement of suit as well as to permit deposit of Rs.2,500/- towards cost - application rejected - challenged - Trial Court passed order to condone delay of about 4 years and 9 months on a condition to deposit Rs.2,500/- within a period of 7 days on count that petitioners had in support of said application show the sufficient cause for such delay - petitioners failed to deposit such an amount of cost within prescribed period of 7 days - petitioners submitted that otherwise they have a good case on merits and accordingly their legitimate right cannot be snatched away merely because of such a technicality - delay condoned - petition allowed with some exemplary cost.

(૯) હાલનાં કામે રજુ અરજીની હકીકતો ધ્યાને લીધી તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લીધા. અરજદારે અકસ્માતથી વળતર મેળવવા માટેની અરજી કરવા થયેલ વિલંબ માફ કરવા અરજી કરેલ છે. આ અરજી દાખલ કરવામાં ૩ વર્ષ અને ૩ માસ જેટલો વિલંબ હોવાનુ જણાવેલ છે. હાલના તબક્કે અરજદારે વિલંબના કારણોમાં અરજદારને અરજીમાં જણાવ્યા પ્રમાણેની અકસ્માતમાં જીવલેણ ઈજાઓ થયેલ હોવાથી, અરજદારને સંપૂર્ણ આરામ કરવાની ડોકટરશ્રીએ સલાહ આપેલ તેમજ આ કામના સામાવાળા વિમા કંપનીમાં ક્લેઇમ કરેલ અને વિમા કંપની વળતર ચૂકવી આપશે તેવો ભરોસો અને વિશ્વાસ આપતા હતા તેમજ અરજદાર એડવોકેટશ્રીનો સંપર્ક કરી શકેલ ન હોવાથી, અરજદાર કાયદાથી અજ્ઞાન હોઈ અને શુધ્ધબુધ્ધિપૂર્વક એમ સમજતા હતા કે સદર અરજ ગમે ત્યારે થઇ શકે તેમજ અકસ્માતના કારણે અરજદાર કાયમી અશક્ત બની ગયેલ હોઇ, અરજદાર બેકાર બની ગયેલ હોઇ જેના કારણે

તેઓની આર્થિક પરિસ્થિતિ કથળી ગયેલ અને વધુમાં કોવિડ–૧૯ મહામારીને કારણે અરજદાર એડવોકેટનો સંપર્ક કરી શકેલ નહી. જેથી સદર અરજ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. જે હકીકત ધ્યાને લેતા અરજદારે પોતાની અરજીમાં વળતર અરજી દાખલ કરવામાં વિલંબ થયેલાનુ જે કારણ જણાવેલ છે તે યોગ્ય અને પુરતુ કારણ જણાઇ આવે છે. જ્યારે આ કામના સામાવાળાઓને કેસની નોટિસની બજવણી થયેલ હોવા છતા સામાવાળાઓ હાજર રહીને પોતાનો જવાબ રજુ કરેલ નથી અને સામાવાળાએ વિલંબ માફની અરજી સામે કોઇ વાંધો કે તકરાર લીધેલ નથી. ત્યારે આ અરજી દાખલ કરવામાં થયેલ વિલંબનો કારણોસર પુરાવો આપવાની તેમજ કેસ મેરિટ ઉપર રજુઆત કરવાની તકથી વંચિત રાખવા ન્યાયોચિત જણાતુ ન હોય તેમજ અરજદારની હાલની અરજી મંજુર કરવાથી સામાવાળાને કોઇ પ્રતિકુળ અસર થાય તેમ નથી. જેથી ઉપરોક્ત સંજોગોને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) અરજદારની હાલની પરચુરણ અરજી **"મંજૂર"** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર તરફે વર્કમેન કોમ્પેન્સેસન મુજબ વળતર મેળવવાની અરજી કરવામાં થયેલ દાખલ કરવામાં થયેલ અંદાજે ૩ વર્ષ ૩ માસનો વિલંબ માફ કરવામાં આવે છે. તેમજ મુળ વળતરની અરજી સીવીલ કેસ રજિસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૨૯ માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

**તારીખ: ૨૯/૦૭/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

**(નિતેશ કિશોરભાઇ નાચરે)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં. જીજે૦૧૪૫૧**

D. R. Prajapati